For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વડોદરામાં અષાઢી એકાદશીના પાવન પર્વે ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીનો 217મો ઐતિહાસિક વરઘોડો ભક્તિ અને શ્રદ્ધાના માહોલમાં નીકળ્યો હતો. શણગારેલા રથમાં બિરાજમાન ભગવાનના દર્શન માટે હજારો ભાવિકો ઉમટી પડ્યા હતા. રાજમાર્ગો પર પુષ્પવર્ષા, ભજન-કીર્તન, નાસિક ઢોલ અને ધાર્મિક ઝાંખીઓએ સમગ્ર નગરીને ભક્તિમય બનાવી દીધી હતી. ભક્તોએ જયઘોષ સાથે ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. **(તસવીર : રણજીત સૂર્વે)**

રાજમાર્ગો પર શ્રદ્ધાળુઓનું મહેરામણ ઉમટ્યું

ભગવાન વિઠ્ઠલનાથજીનો ૨૧૭મો ઐતિહાસિક વરઘોડો ધામધૂમથી નીકળ્યો

'જય વિઠ્ઠલ'ના ગગનભેદી નારા સાથે નગરચર્યા બાદ રાત્રે ૯ વાગ્યે ભવ્ય શયન આરતી યોજાઈ; ચાર માસની યોગનિદ્રાનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

સંસ્કારી નગરી વડોદરામાં અષાઢી એકાદશીના પવિત્ર પર્વે પરંપરાગત રીતે યોજાતો ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીનો 217મો ઐતિહાસિક વરઘોડો અત્યંત શ્રદ્ધા, ઉત્સાહ અને ભક્તિસભર માહોલમાં ધામધૂમથી નીકળ્યો હતો. વડોદરાના ઐતિહાસિક અને પ્રાચીન રાજમાર્ગો પરથી પસાર થયેલા આ વરઘોડામાં ભગવાન વિઠ્ઠલનાથજીના દર્શન કરવા માટે હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને નગરજનો ઉમટી પડ્યા હતા. સમગ્ર નગરી 'જય વિઠ્ઠલ, વિઠ્ઠલ હરિ વિઠ્ઠલ' અને 'જય રણછોડ, માખણ ચોર'ના ગગનભેદી નારાઓથી ગુંજી ઊઠી હતી.

વર્ષો જૂની પરંપરા મુજબ યોજાયેલા આ વરઘોડાની શરૂઆત શાસ્ત્રોક્ત વિધિ-વિધાન, પૂજન અને આરતી સાથે કરવામાં આવી હતી. ત્યાર બાદ ભગવાન વિઠ્ઠલનાથજીની મનોહર પ્રતિમાને સજાવેલા રથમાં બિરાજમાન કરીને નગરચર્યાએ નીકળવામાં આવ્યા હતા. વરઘોડો શહેરના પરંપરાગત માર્ગો પરથી પસાર થયો ત્યારે માર્ગોની બંને બાજુએ ઊભેલા શ્રદ્ધાળુઓએ ભગવાન પર પુષ્પવૃષ્ટિ કરીને ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું. નાસિક ઢોલ, તાશા, ભજન મંડળીઓ અને વિવિધ સાંસ્કૃતિક તથા ધાર્મિક ઝાંખીઓ આ વરઘોડાનું મુખ્ય આકર્ષણ બન્યા હતા. લાઈવ ભજન અને કીર્તનની રમઝટ વચ્ચે વાતાવરણ પવિત્ર અને ભક્તિમય બની ગયું હતું.

વરઘોડા દરમિયાન સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સાથે જ ટ્રાફિકનું સુચારુ સંચાલન થાય તે માટે વિશેષ રૂટ પણ ડાયવર્ટ કરવામાં આવ્યા હતા, જેથી શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે. વિવિધ સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા વરઘોડાના માર્ગમાં ભક્તો માટે પીવાના પાણી, શરબત તથા પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

નગરચર્યા પૂર્ણ કરીને ભગવાન વિઠ્ઠલનાથજીનો વરઘોડો નિજ મંદિરે પરત ફર્યો હતો, જ્યાં રાત્રે 9 વાગ્યે ભવ્ય શયન આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. શયન આરતી સમયે પણ મોટી સંખ્યામાં ભક્તો મંદિરે એકત્રિત થયા હતા અને ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આરતી બાદ ભગવાન વિઠ્ઠલનાથજી પોઢી જતાં ચાર માસના યોગનિદ્રા (ચાતુર્માસ)નો પ્રારંભ થયો હતો. આ ત્રિવેણી સંગમ સમાન ધાર્મિક ઉત્સવે વડોદરાવાસીઓમાં ભારે ઉત્સાહ અને ભક્તિનો સંચાર કર્યો હતો.

શેરબજારના ટ્રેડર સારવાર માટે હોસ્પિટલ ગયા ને ચોરોએ ખેલ પાડ્યો

ગોત્રી વિસ્તારમાં બંધ મકાનમાં તિજોરી તોડી રૂ.૧૯.૭૦ લાખની ચોરી

સોનાના દાગીના, રોકડ સહિત કિંમતી માલમત્તા ચોરી; પોલીસે CCTVના આધારે તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 25:

વડોદરા શહેરમાં મકાનફોડ ચોરીની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે, જેના કારણે શહેરની કાયદો-વ્યવસ્થા અને પોલીસ પેટ્રોલિંગની અસરકારકતા સામે પ્રશ્નો ઊભા થયા છે. તાજેતરમાં ગોત્રી વિસ્તારમાં આવેલા એક બંધ મકાનમાં અજાણ્યા તસ્કરોએ ત્રાટકી રૂ.19.70 લાખની કિંમતી માલમત્તાની ચોરી કરી ફરાર થઈ જતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ ગોત્રી વિસ્તારની રાધેશ્યામ સોસાયટીમાં રહેતા અને શેરબજારના ટ્રેડર તરીકે વ્યવસાય કરતા નરેશભાઈ ચંદુભાઈ ટેલર 23 જુલાઈની રાત્રે પત્ની સાથે તેમની સાળીની સારવાર માટે ટ્રિનિટી હોસ્પિટલ ગયા હતા. આ દરમિયાન તેમનું મકાન બંધ હોવાથી તસ્કરોએ તકનો લાભ લઈ મુખ્ય દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો.

બીજા દિવસે વહેલી સવારે નરેશભાઈ ઘરે પરત ફર્યા ત્યારે મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું જોવા મળતાં તેમને ચોરીની આશંકા થઈ હતી. ઘરમાં પ્રવેશતા બંને લોખંડની તિજોરીઓ તોડવામાં આવી હોવાનું અને ઘરના તમામ રૂમમાં સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. તપાસ કરતાં તિજોરીમાંથી પાંચ સોનાની વીંટીઓ, સોનાની ચેન, બ્રેસલેટ, ચાર બંગડીઓ, સોનાના હાર, બુટ્ટીઓ, ચાર સોનાના સિક્કા, ચાંદીની પાયલ તેમજ રૂ.40 હજાર રોકડ સહિત કુલ રૂ.19.70 લાખની માલમત્તાની ચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતું.

બનાવ અંગે નરેશભાઈ ટેલરે ગોત્રી પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. પોલીસે આસપાસના વિસ્તારના CCTV ફૂટેજ એકત્ર કરવાની કાર્યવાહી શરૂ કરી છે તેમજ ટેક્નિકલ સર્વેલન્સ અને અન્ય પુરાવાના આધારે આરોપીઓને ઝડપી પાડવાના પ્રયાસો તેજ કર્યા છે. શહેરમાં વધતી મકાનફોડ ચોરીની ઘટનાઓને પગલે સ્થાનિક રહિશોમાં પણ અસુરક્ષાની લાગણી જોવા મળી રહી છે. પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ વધુ સઘન બનાવવાની માંગ પણ સ્થાનિકો તરફથી ઉઠી રહી છે.

૨૪ કલાકમાં સરેરાશ ૮.૩૮ મિ.મી. વરસાદ, ડેસરમાં સૌથી વધુ ૧૮ મિ.મી. નોંધાયો

આગામી 3 દિવસ ભારે વરસાદની આગાહી જિલ્લા તંત્રને સતર્ક રહેવા સૂચના અપાઈ

સીઝનનો કુલ સરેરાશ વરસાદ ૩૨૭.૫ મિ.મી.; શિનોર તાલુકો ૪૭૦ મિ.મી. સાથે મોખરે

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

વડોદરા જિલ્લા કંટ્રોલ રૂમની માહિતી અનુસાર છેલ્લા 24 કલાકમાં વડોદરા જિલ્લામાં સરેરાશ 8.38 મિ.મી વરસાદ નોંધાયો છે. જિલ્લાના તમામ 8 તાલુકાઓમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. શુક્રવારે સાંજે છ વાગ્યા સુધીમાં ડેસર તાલુકામાં સૌથી વધુ 18 મિ.મી વરસાદ પડ્યો છે. તેની સાથે પાદરામાં 13 મિ.મી, સાવલીમાં 9 મિ.મી, શિનોરમાં 8 મિ.મી, વડોદરા શહેરમાં 6 મિ.મી, ડભોઈમાં 5 મિ.મી અને વઘોડિયા તથા કરજણમાં 4-4 મિ.મી વરસાદ નોંધાયો છે. આ સિઝનમાં અત્યાર સુધીમાં જિલ્લાનો સરેરાશ કુલ વરસાદ 327.5 મિ.મી પહોંચ્યો છે. જેમાં સિનોર તાલુકામાં સિઝનનો સૌથી વધુ 470 મિ.મી વરસાદ નોંધાયો છે. ત્યારબાદ વડોદરામાં 400 મિ.મી, પાદરામાં 397 મિ.મી, ડભોઈમાં 363 મિ.મી, કરજણમાં 303 મિ.મી, દેસરમાં 288 મિ.મી, વઘોડિયામાં 220 મિ.મી અને સાવલીમાં 179 મિ.મી વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ વરસાદની શક્યતા વ્યક્ત કરી હોવાથી જિલ્લા તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં ખાસ તકેદારી રાખવામાં આવી છે. વડોદરા શહેરમાં આગામી એક સપ્તાહ સુધી વાતાવરણ વરસાદી રહેવાની શક્યતા છે. ખાસ કરીને આગામી 3 દિવસ વરસાદનું જોર વધારે રહેશે. શહેરમાં શનિવારે મહત્તમ તાપમાન 27.6 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 25.0 ડીગ્રી રહ્યું હતું. જ્યારે, સવારે હવામાં ભેજનું પ્રમાણ 90% અને સાંજે 84 ટકા નોંધાયું હતું. આગામી દિવસની આગાહી મુજબ 26 જુલાઈ વીજળીના કડાકા સાથે વરસાદ અને મહત્તમ 30 ડીગ્રી ,લઘુત્તમ 26 ડીગ્રી સાથે ભારે વરસાદની ચેતવણી, 27 જુલાઈએ વીજળી સાથે વરસાદ. મહત્તમ 31 ડીગ્રી લઘુત્તમ 26 ડીગ્રી સાથે ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. જ્યારે, 28 થી 31 જુલાઈ સુધી વીજળીના કડાકા સાથે વરસાદ રહેશે, પરંતુ કોઈ ખાસ ચેતવણી આપવામાં આવી નથી. મહત્તમ તાપમાન 30-31 ડીગ્રી અને લઘુત્તમ 26 ડીગ્રીની આસપાસ રહેવાનો અંદાજ છે.

બીફાર્મના વિદ્યાર્થીઓ ૨૦૨૬ સુધી જૂના સિલેબસથી જ ભણી શકશે

પીસીઆઈનો નિર્ણય: ૨૦૨૫-૨૬ સુધી પ્રવેશ મેળવનારાઓને નવા નિયમ લાગુ નહીં થાય,નવા વિદ્યાર્થીઓને નવો અભ્યાસક્રમ

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

ફાર્મસીના અભ્યાસમાં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. નવી એજ્યુકેશન પોલિસી મુજબ બેચલર ઓફ ફાર્મસી એટલે કે બીફાર્મમાં આગામી વર્ષથી નવો સિલેબસ લાગુ થવાનો છે. જેના કારણે જૂના વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા હતા.

આ બાબતે હવે ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા - પીસીઆઈ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે. પીસીઆઈએ જણાવ્યું કે શૈક્ષણિક વર્ષ 2025-26 સુધી બીફાર્મમાં પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓએ જૂના નિયમો અને જૂના સિલેબસ મુજબ જ અભ્યાસ પૂર્ણ કરવાનો રહેશે. તેમને નવો અભ્યાસક્રમ લાગુ નહીં પડે. નવી એજ્યુકેશન પોલિસી હેઠળ થતા સુધારા શૈક્ષણિક વર્ષ 2026-27 થી જ અમલમાં આવશે. એટલે કે 2026-27માં જે વિદ્યાર્થીઓ બીફાર્મમાં પ્રવેશ લેશે તેમના માટે જ સુધારેલો અભ્યાસક્રમ ફરજિયાત રહેશે. પીસીઆઈએ વધુમાં કહ્યું કે, જૂના સિલેબસવાળા જે વિદ્યાર્થીઓને કોઈ વિષયમાં બેકલોગ છે તેઓ પણ આગામી સેમેસ્ટરમાં પાસ થઈને આગળના વર્ગમાં જઈ શકશે. જો કોઈ કારણસર અભ્યાસ વચ્ચે રહી ગયો હોય તો વિદ્યાર્થીઓ છેલ્લા સેમેસ્ટરમાં હાજરી ધરાવતા હોય તો તેઓ પોતાનો અભ્યાસ આગળ ચાલુ રાખીને બેકલોગના વિષયો ફોરવર્ડ કરી શકશે. 2026 પહેલા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે હાજરીની છૂટ આપવામાં આવી છે. જો કોઈ વિદ્યાર્થીની હાજરી ઓછી હોય તો સંસ્થા દ્વારા લેવાતા વધારાના વર્ગો, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અથવા અન્ય માન્ય વ્યવસ્થા દ્વારા જરૂરી હાજરી પૂર્ણ કરવાની તક આપવામાં આવશે.

ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્ય ભરતી માટે હવે એચમેટ પરીક્ષા ફરજિયાત

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં લાંબા સમયથી ખાલી પડેલી આચાર્યોની જગ્યાઓ ભરવા માટે સરકારે એચમેટ (આચાર્ય અભિરુચિ કસોટી) યોજવાની મંજૂરી આપી છે. શાળાઓના કમિશનરની દરખાસ્ત બાદ શિક્ષણ વિભાગે સત્તાવાર મંજૂરી આપતા સમગ્ર પ્રક્રિયાની જવાબદારી હવે રાજ્ય પરીક્ષા બોર્ડને સોંપવામાં આવી છે. બોર્ડ ટૂંક સમયમાં પરીક્ષાની તારીખ, ઓનલાઈન અરજી, સિલેબસ અને અન્ય વિગતો સાથે નોટિફિકેશન જાહેર કરશે. આ નિર્ણયથી વર્ષોથી ભરતીની રાહ જોતા હજારો શિક્ષકો અને ઉમેદવારોમાં આનંદની લાગણી ફેલાઈ છે. હવે ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્ય બનવા માટે એચમેટ પરીક્ષા પાસ કરવી ફરજિયાત રહેશે. **આ પરીક્ષા દ્વારા લાયકાત, નેતૃત્વ ક્ષમતા અને વહીવટી કુશળતા ધરાવતા ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

ચૂંટણી ફરજને કારણે મતાધિકારથી વંચિત ન રહે તે માટે વિશેષ વ્યવસ્થા

માંજલપુર પેટાચૂંટણી: બંદોબસ્તમાં તૈનાત ૧૬૫ પોલીસ જવાનોએ પોસ્ટલ બેલેટથી કર્યું મતદાન

પોલીસ ટ્રેનિંગ સેન્ટર ખાતે પારદર્શક અને સુરક્ષિત વાતાવરણમાં મતદાન પ્રક્રિયા સંપન્ન

(પ્રતિનિધિ) વડોદરા, તા. 25

વડોદરાની હાઈપ્રોફાઈલ 145-માંજલપુર વિધાનસભા બેઠક પર સ્વ. યોગેશ પટેલના અવસાન બાદ યોજાઈ રહેલી પેટાચૂંટણીને લઈને ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા ચૂંટણી બંદોબસ્તમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે વિશેષ પોસ્ટલ બેલેટ મતદાનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શહેરના પોલીસ ટ્રેનિંગ સેન્ટર ખાતે આવેલી કચેરીમાં યોજાયેલી આ પ્રક્રિયામાં બંદોબસ્તમાં તૈનાત 165 જેટલા પોલીસ જવાનોને પોસ્ટલ બેલેટ પેપર દ્વારા મતદાન કરવાની સુવિધા આપવામાં આવી હતી. દેશ અને શહેરની સુરક્ષાની જવાબદારી વચ્ચે પોલીસ જવાનોએ ઉત્સાહપૂર્વક પોતાના લોકશાહી અધિકારનો ઉપયોગ કર્યો હતો. ચૂંટણી અધિકારીઓના જણાવ્યા મુજબ બપોર સુધીમાં જ 165માંથી 80થી વધુ પોલીસ કર્મચારીઓએ સફળતાપૂર્વક મતદાન પૂર્ણ કર્યું હતું.

સમગ્ર મતદાન પ્રક્રિયા ચૂંટણી અધિકારીઓ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓની દેખરેખ હેઠળ શાંતિપૂર્ણ, ગુપ્ત અને પારદર્શક રીતે યોજાઈ હતી. જવાનોના મતો સીલબંધ બેલેટ બોક્સમાં સુરક્ષિત રાખવામાં આવ્યા છે. મુખ્ય મતદાનના દિવસે ફરજ પર રહેતા કર્મચારીઓ માટે આ વ્યવસ્થા અસરકારક સાબિત થઈ છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચેની આ રસાકસીભરી પેટાચૂંટણીમાં ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો આગામી 3 ઓગસ્ટે યોજાનારી મતગણતરી બાદ જાહેર થશે.

વડોદરાથી દોડતી ૩ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનોના ફેરા સપ્ટેમ્બર સુધી લંબાવાયા

વડોદરા-ગોરખપુર, વડોદરા-મઉ અને પ્રતાપનગર-લાલકુઆં ટ્રેનોના વિસ્તરણની પશ્ચિમ રેલવેની જાહેરાત

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને વધારાની ભીડને સમાયોજિત કરવાના ઉદ્દેશથી વડોદરા મંડળથી ચાલનારી વડોદરા - ગોરખપુર, વડોદરા - મઉ અને પ્રતાપનગર-લાલકુઆં સાપ્તાહિક ટ્રેનોના ફેરાનું વિસ્તરણ કરવામાં આવ્યું છે.

વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ ટ્રેન નંબર 09111/09112 વડોદરા - ગોરખપુર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન નંબર 09111 વડોદરા - ગોરખપુર સ્પેશિયલનું 28 સપ્ટેમ્બર, 2026 સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે. એ જ રીતે ટ્રેન નંબર 09112 ગોરખપુર - વડોદરા સ્પેશિયલનું 30 સપ્ટેમ્બર, 2026 સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે. ટ્રેન નંબર 09195/09196 વડોદરા - મઉ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન નંબર 09195 વડોદરા - મઉ સ્પેશિયલનું 26 સપ્ટેમ્બર, 2026 સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે. એ જ રીતે ટ્રેન નંબર 09196 મઉ - વડોદરા સ્પેશિયલનું 27 સપ્ટેમ્બર, 2026 સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે. ટ્રેન નંબર 09119/09120 પ્રતાપનગર - લાલકુઆં સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન નંબર 09119 પ્રતાપનગર - લાલકુઆં સ્પેશિયલનું 27 સપ્ટેમ્બર, 2026 સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે. એ જ રીતે ટ્રેન નંબર 09120 લાલકુઆં - પ્રતાપનગર સ્પેશિયલનું 28 સપ્ટેમ્બર, 2026 સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે. ટ્રેન નંબર 09111 , 09195 અને 09119 ના વિસ્તરણ થયેલા ફેરાનું બુકિંગ 26 જુલાઈથી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે.

એર કાર્ગો, ઈમિગ્રેશન અને ઈન્ટરનેશનલ કનેક્ટિવિટીની મોટી જાહેરાત

વડોદરા એરપોર્ટ બનશે પશ્ચિમ ભારતનું એવિએશન હબ

ઉદ્યોગોને ૧૦૦ કિ.મી.નો ધક્કો બંધ, સમય-ખર્ચમાં બચત, ફ્લાઈંગ ક્લબ રિન્યુઅલથી યુવાનોને નવી તકો

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

સંસ્કારી નગરી વડોદરા અને મધ્ય ગુજરાતના આસપાસના સાત જિલ્લાઓના આર્થિક વિકાસને નવી ઊંચાઈ આપવા માટે વડોદરા એરપોર્ટના સર્વાંગી વિકાસને લઈને મોટી જાહેરાતો કરવામાં આવી છે. એરપોર્ટને પશ્ચિમ ભારતના મહત્વના એવિએશન હબ તરીકે સ્થાપિત કરવા માટે એર કાર્ગો, ઈમિગ્રેશન સેવાઓ અને ઈન્ટરનેશનલ કનેક્ટિવિટી જેવી સુવિધાઓ પર ઝડપી કામગીરી શરૂ કરી દેવાઈ છે.

હાલમાં વડોદરા, આણંદ, ખેડા, ભરૂચ, નર્મદા સહિતના જિલ્લાઓના ઉદ્યોગકારોને નિકાસ-આયાતના માલની હવાઈ હેરફેર માટે અમદાવાદ એરપોર્ટ સુધી 100 કિ.મી.થી વધુનું અંતર કાપવું પડતું હતું. જેના કારણે સમય અને પરિવહન ખર્ચ બંનેમાં વધારો થતો હતો. હવે વડોદરા એરપોર્ટ પર જ અત્યાધુનિક એર કાર્ગો ફેસિલિટી શરૂ થવા જઈ રહી છે. આ સુવિધા શરૂ થતાં સ્થાનિક ડાયમંડ, ફાર્મા, એન્જિનિયરિંગ અને એગ્રો પ્રોડક્ટ ઉદ્યોગોને સીધો લાભ મળશે.

નિકાસકારોનો સમય બચશે અને વડોદરાથી જ ગ્લોબલ માર્કેટ સુધી પહોંચ સરળ બનશે. વડોદરા એરપોર્ટને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ સાથે જોડવા માટે હબ એન્ડ સ્પોક મોડલ પર કામગીરી હાથ ધરવામાં આવી છે. આ મોડલ હેઠળ વડોદરાથી દિલ્હી, મુંબઈ જેવા મોટા હબ એરપોર્ટ માટે વધુ ફ્લાઈટ્સ શરૂ થશે. ત્યાંથી મુસાફરોને વિદેશની સીધી કનેક્ટિવિટી મળી રહેશે. આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સના ભવિષ્યના સંચાલનને ધ્યાનમાં રાખીને વડોદરા એરપોર્ટ પર ટૂંક સમયમાં જ ઈમિગ્રેશન અને કસ્ટમ્સની સુવિધા પણ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, હાલમાં વડોદરાથી ઉપડતી ફ્લાઈટ્સ અન્ય શહેરમાં રાત રોકાણ કરતી હતી. હવે તે ફ્લાઈટ્સ પરત વડોદરા એરપોર્ટ પર જ આવી શકે તેવી નવી ઓપરેશનલ સિસ્ટમ પણ વિકસાવવામાં આવી રહી છે. જેનાથી ફ્લાઈટની આવર્તનમાં વધારો થશે. એવિએશન ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા યુવાનો માટે પણ મહત્વના સમાચાર છે.

લાંબા સમયથી બંધ રહેલી વડોદરા ફ્લાઈંગ ક્લબના રિન્યુઅલને મંજૂરી મળી ગઈ છે. આનાથી પાયલોટ ટ્રેનિંગ, એરક્રાફ્ટ મેન્ટેનન્સ અને અન્ય એવિએશન સંબંધિત કોર્સ ફરી શરૂ થશે. પરિણામે સ્થાનિક યુવાનોને વડોદરામાં જ રહીને એવિએશન ક્ષેત્રમાં તાલીમ અને રોજગારીની તકો મળશે. એરપોર્ટ ઓથોરિટી અને સાંસદ ડો. હેમાંગ જોશીના પ્રયાસોથી લેવાયેલા આ નિર્ણયોથી વડોદરા માત્ર પ્રવાસનનું જ નહીં, પરંતુ વેપાર, ઉદ્યોગ અને શિક્ષણનું પણ મોટું કેન્દ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે.

ચારેય વિતરણ કંપનીઓ દ્વારા 1000થી વધુ ગામોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત

ભારે વરસાદ બાદ વીજ કંપનીઓની યુદ્ધના ધોરણે કામગીરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

ભારે વરસાદ અને પૂરને કારણે ખોરવાયેલો વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટે વીજ કંપનીઓ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમના માર્ગદર્શન હેઠળ રાજ્યની ચારેય વિતરણ કંપનીઓ દિવસ-રાત કામ કરી રહી છે. પરિણામે અત્યાર સુધીમાં રાજ્યના 1000થી વધુ ગામોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે.

સમગ્ર કામગીરીનું સંકલન અને રિયલ ટાઈમ મોનિટરિંગ માટે જીયુવીએનએલ ખાતે 24x7 કંટ્રોલ રૂમ કાર્યરત રાખવામાં આવ્યો છે. મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ હેઠળના નડિયાદ, આણંદ અને વડોદરા વિસ્તારમાં ભારે વરસાદને કારણે 3 ટ્રાન્સફોર્મર, 8 વીજ ફીડર અને 190 વીજ પોલને નુકસાન થયું હતું. મધ્ય ગુજરાત વીજ કંપનીની 38 ટીમો અને કોન્ટ્રાક્ટરની 41 ટીમોએ તાત્કાલિક કામગીરી શરૂ કરી હતી. પરિણામે અસરગ્રસ્ત તમામ 18 ગામો સહિત અન્ય પ્રભાવિત વિસ્તારોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરી દેવામાં આવ્યો છે. પાણી ઓસરતાની સાથે જ ઈજનેરો અને ટેક્નિકલ સ્ટાફે સબસ્ટેશન, ફીડર અને ટ્રાન્સફોર્મરનું સલામતી સાથે નિરીક્ષણ કરી તબક્કાવાર વીજ પુરવઠો ચાલુ કર્યો છે. વધારાનો સ્ટાફ, વાહનો અને સામગ્રી પણ ગોઠવવામાં આવી છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને ચારેય વીજ કંપનીઓએ જણાવ્યું કે રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ બાકી રહેલા વિસ્તારોમાં પણ પાણીનું સ્તર ઘટતા જ ઝડપથી વીજ પુરવઠો શરૂ કરી દેવામાં આવશે. સુરક્ષિત અને વિશ્વસનીય વીજ પુરવઠો આપવા માટે તંત્ર સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

ઈનો સમજી ઝેરી દવા પીતા યુવતી હોસ્પિટલમાં

(પ્રતિનિધિ) વડોદરાતા.25

ડભોઈના રાબિયા પાર્ક વિસ્તારમાં સાવધાનીના અભાવે એક ચિંતાજનક ઘટના સામે આવી છે. 30 વર્ષીય યાસ્મીનાબાનુ મોહમ્મદ શરીફે એસિડિટીથી રાહત મેળવવા માટે ઈનો સમજીને ભૂલથી જીવાત મારવાની ઝેરી દવા એલ્યુમિનિયમ ફોસ્ફાઈડનું સેવન કરી લીધું હતું. દવા પીધા બાદ તેમને પેટમાં તીવ્ર દુખાવો શરૂ થયો હતો અને તબિયત અચાનક લથડી જતાં પરિવારજનો ગભરાઈ ગયા હતા. તાત્કાલિક પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમને વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ તેઓ ભાનમાં છે અને તબીબોની દેખરેખ હેઠળ સારવાર ચાલી રહી છે. આ ઘટનાએ ઘરમાં દવાઓ અને ઝેરી પદાર્થો અલગ-અલગ, સ્પષ્ટ ઓળખ સાથે અને બાળકો તેમજ પરિવારના સભ્યોની પહોંચથી દૂર સુરક્ષિત રીતે રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.